# સમકાલીન ભારતીય કવિતા : આપણી વાત આપણી રીતે

સિતાંશુ યશશ્ચન્દ્ર

## લેખાંક-૧૬

## સરહદો ઓળંગવી સહેલ નથી : વિસ્થાપિત તિબેટી કવિની કવિતા અંગે

*

'ભારતીય કવિતા અંગેની લેખમાળામાં તિબેટી કવિતા?! ભૂગોળ ભણો, ભાઈ, ભૂગોળ. અને રાજકારણ.' – 'હા જી.'

ગયા બે અંકમાં એક નાગનારીની કવિતા, આ અને આવતા અંકમાં એક વિસ્થાપિત તિબેટી કવિની કવિતા અને એ પછીના અંકમાં એક કાશ્મીરી કવિની કવિતા –સમકાલીન ભારતીય કવિતા અંગેની આ લેખમાળામાં એ ત્રણનું ઝૂમખું બનાવવાનું કારણ શું, એ સવાલ અંકે કરીને હાલ તો આગળ વધીએ. એ અઘરા સવાલનો જવાબ આ ગુચ્છના લેખોમાંથી પ્રગટ થતો જણાય, એવો આપણો યત્ન હશે. પણ ઉત્તર અપાય એ પહેલાં અત્યારથી જ એ પ્રશ્નની ફ્લેવર, એ સવાલનો તરલ સ્વાદ આ લેખોની વાણી ઉપર, વાક્-જિહ્વા પર રમતો રહે એ જરૂરી છે !

'રાજકીય ભૂગોળ' ('પોલિટિકલ જ્યોગ્રાફી') એ કાંઈ અંતિમ ભૂગોળ ઓછી છે? એને 'ઇન્ટ્રિમ જ્યોગ્રાફી'કહેવાની ક્ષમતા કેળવવાનું કામ સાહિત્યનું અને સાહિત્યકારોની આપસૂઝથી સ્વ-સંચાલિત સાહિત્યિક સંસ્થાઓનું હોય. ભારતની ભૂગોળ (બાહ્ય અને આંતરિક) આલેખવાનું કામ એના સાહસી-સમભાવશીલ કવિઓ શું ન કરી શકે ? (જેમ નરસિંહ મહેતે જૂનાગઢ ગામની ભૂગોળનું કર્યું હતું એમ ?)

આજના (અને અગલી સદીઓના પણ) કેટલાક તિબેટી કવિઓની રચનાઓને ભારતીય કવિતા અંગેની કોઈ લેખમાળામાં સ્થાન આપી શકાય? એ સવાલ પૂછો તો ભૂગોળ ના પાડે, ઇતિહાસ અચકાય, કવિતા કહે 'કંઈ વાંધો નહીં' ! 'ભારતીયતા'-ની વિભાવના સમકાલીન ભારતીય કવિતામાં જ નહીં, ઋગ્વેદની કેટલીક કાવ્યત્વ-રસી ઋચાઓથી આરંભી, વાલ્મીકિ-વ્યાસ-ગુણાઢ્ય, ભાસ-કાલિદાસ-શૂદ્રક, બાણ-જગન્નાથ-દારાશિકોહમાં થઈ, બીજે રસ્તે ગોરખ-સરહ-કચ્છી સિદ્ધ સંત ધરમનાથ, નરસિંહ-તુકા-કબીર-તુલસી થતી, તાજેતરમાં ગાંધીમાં જે સૂઝબૂઝથી આવી, વિચારવાની એ રીત આપણને (ગાંધીનો શબ્દ યોજીએ તો 'તોપબળ'થી આલેખાયેલાં) ઇતિહાસ-ભૂગોળથી

આગળ જઈ, એક ફંટાતા રસ્તે લઈ આવે છે. એ માર્ગે કવિઓ જો 'તપબળ' કેળવે તો ત્યાં આવતા એક માનસરોવરનું મહેકભર્યું પેય, પરિષદની પરબનાં પાણી પીનારાંને અંજળીભર પીવું ગમે પણ ખરું!

*

તો, આજે આ એક તિબેટી કવિની કવિતા જાણીએ-માણીએ. એક સમયે જે દેશ સિદ્ધ-બૌદ્ધ-જોગી ફરંદાઓની અંતરંગ જગ્યા જેવો હતો અને હવે જે પ્રદેશને શક્તિમત્ત ચીનનો ભાગ બનાવાયો છે, એ તિબેટમાંથી વિસ્થાપિત થયેલા શ્રમજીવી પરિવારના ભારતમાં જન્મેલા-ઊછરેલા-રહેતા એક કવિ, તેન્ઝિન સુન્દ્યુ (Tenzin Tsundue)-ની કવિતાનો પરિચય કેળવીએ.

*

એ કવિ, તેન્ઝિન સુન્દ્યુ (Tenzin Tsundue)-નાં મા-બાપ તિબેટનાં રહેવાસી. ૧૯૫૯ની સાલમાં દલાઈ લામા પોતાના અંતરંગ સાથીઓ સાથે લ્હાસાથી ૩૦ માર્ચ ૧૯૫૯ને દિવસે ચાલી નીકળ્યા અને ૧૮ એપ્રિલે આસામના તેઝપુર ગામે, ભારે જોખમી મુસાફરી પછી પહોંચ્યા. એ જ વરસે બીજાં અસંખ્ય સામાન્ય તિબેટીઓ પણ નવા ચીની શાસકોના અત્યાચારોથી બચવા ભારતમાં ચાલી આવ્યા હતા. એમણે ધરમશાલા નગરમાં જવાનું નહોતું. એમણે તો હિમાચલ પ્રદેશના કુલ્લુ, મનાલી વગેરે વિસ્તારોમાં પહાડી રસ્તા બનાવવાની મજૂરીમાં જોડાવાનું હતું. સેંકડો સ્ત્રી-પુરુષમજૂરો એ નવા પ્રદેશની એમને પ્રતિકૂળ આબોહવામાં રોગગ્રસ્ત થઈ મરણ પામ્યાં. બાકીનાં પોતે જેને બાંધતા હતા એ કાચે રસ્તે આગળ ધપતાં ગયાં. એ રસ્તે, ક્યાંક, ક્યારેક, એ અરસામાં, એવા એક વિસ્થાપિત શ્રમજીવી દંપતીના કામચલાઉ તંબૂમાં આપણા આ તેન્ઝિન સુન્દ્યુનો જન્મ થયો. 'તેન્ઝિન' એ નામ દલાઈ લામાના નામનોયે એક ભાગ છે. એનો અર્થ 'ધર્મ-ધારક' એવો થાય છે. 'સાચે રસ્તે જનાર' એવો. આ બાળકને જન્મ આપનાર પતિ-પત્ની તો પોતાની મજૂરીએ, જાતે રસ્તો બનાવતાં બનાવતાં આગળ વધતાં હતાં. એટલે આ બાળક 'તેન્ઝિન' જ હોય ને? એવરેસ્ટ શિખર પહેલી વાર સર કરનાર વિખ્યાત પર્વતારોહકો, હિલેરી અને 'તેનસિંઘ' -માંના આપણે જેને 'ભારતીય' ગણ્યા, એ તેન્ઝિન નોર્કે-નું પણ આ જ નામ. બાળક તેન્ઝિન સુન્દ્યુને એમના આ નવા દેશે, ભારતે, અપનાવ્યા, ધરમશાલા શહેરની એક શાળામાં, ત્યાંની હોસ્ટેલમાં રહી ભણવાની સુવિધા કરી. એક મુલાકાતમાં કવિએ એ છાત્રાલયની રાતોની વાત કરી છે : એમનાથીયે નાનાં બાળકો ત્યાં રહેતાં-ભણતાં. રાતે જાગી ઊઠીને એમાંનાં કોઈ રડે. ત્યારે સુન્દ્યુ અને બીજા 'મોટા ભાઈઓ' એમની પાસે જઈ, 'કાલે સવારે તારી મમ્મી આવશે', એમ પટાવી, થાબડી, ઊંઘાડી દેતા. સુન્દ્યુ પોતે એ પછી મુંબઈ અને ચેન્નાઈની યુનિવર્સિટીઓમાં ભણ્યા, અંગ્રેજી સાહિત્યમાં એમ.એ. કર્યું. તાજેતરમાં, ૬ માર્ચ, ૨૦૧૮ને દિવસે રૂસ્તમજી કેમ્બ્રિજ ઈન્ટરનૅશનલ સ્કૂલ, દહિસર (વેસ્ટ)-ની શાળાના વિદ્યાર્થીઓ સામે એમણે પ્રવચન કર્યું અને રૂસ્તમજી કેમ્બ્રિજ ઈન્ટરનૅશનલ સ્કૂલનાં મુંબઈગરા બાળકોને

હિમાચલ પ્રદેશના કાચા રસ્તે આવેલા એક કામચલાઉ તંબૂમાં વિસ્થાપિત તિબેટી મજૂર મા-બાપને ત્યાં જન્મેલા બાળકની વાતો બહુ ગમી, એવા સમાચાર ઇન્ટરનેટ પર ઉપલબ્ધ છે! ક્યાં પારસી રૂસ્તમજી, ક્યાં કેમ્બ્રિજનગર, ક્યાં મુંબઈ, ક્યાં કુલ્લુ ખીણના કાચા રસ્તે આવેલો કામચલાઉ તમ્બુ? “સંયોગાત્રસનિષ્પત્તિઃ”.

-- હવે એ બાળકોને એ વાત ગમી કે ન ગમી એની, અને તેન્ઝિન સુન્ધ્યુ એક્ઝેક્ટલી કઈ તારીખે જન્મ્યા હતા એની, એ વચ્ચે એ ટિબેટ ગયા હતા ને લ્હાસાની જેલમાં ત્રણ મહિના ચીનાઓના તાબામાં રહી આવ્યા હતા ત્યાં શું બન્યું, એ બધી વાતોની ખરાઈ કયા સત્તાવાર ઇતિહાસના ચોપડે કરવી ? – એટલે કાવ્યસંગ્રહો કવિતાની (ન કે કવિની) શરતે વાંચવા પડે.

જોકે દહિસરની પારસી આંતરરાષ્ટ્રીય શાળામાં જતાં પહેલાં આપણા તિબેટી કવિએ કવિતા લખતે લખતે બીજીયે કેટલીક ચીજો કરી છે,જેની ખરાઈ પોલીસને ચોપડે પણ કરી શકાય એવી છે. જોકે બીઇજિન્ગ કે લ્હાસાના પોલીસથાણે જવું અઘરું પડે પણ બૅન્ગલોર, મુંબઈ અને ઘરઆંગણે અમદાવાદના પોલીસચોપડે ભાઈ તેન્ઝિન સુન્ધ્યુનાં કેટલાંક પરક્રમો નોંધાયાં છે, એ ત્યાં જોવા દે તો જઈને જોઈ શકાય. એમનાં, એ ચોપડે ચઢેલાં કામોનો એમના કાવ્યસંગ્રહોમાં વાંચવા મળતી કૃતિઓ સાથે વૃક્ષનાં મૂળિયાંનો, એની ઉપલી ડાળીએ ખીલેલા ફૂલ સાથે જેવો હોય એવો સમ્બન્ધ હોય, એ આપણે ન ભૂલીએ. પ્રસંગો જોઈએ :

જાન્યુઆરી ૨૦૦૨માં ચીનના તત્કાલીન વડા પ્રધાન ઝુરોન્ગજી (શ્લેષ નથી, એવું જ નામ છે) મુંબઈની મુલાકાતે આવ્યા હતા ત્યારે એમને ખલેલ પહોંચે એ રીતે ‘ફ્રી તિબેટ, ચાઇના ગેટ આઉટ’ એવું લખેલી પતાકા લહેરાવી તેન્ઝિન સુન્ધ્યુએ તિબેટ તરફી નારા લગાવ્યા હતા. પોલીસે પકડ્યા હતા,અલબત્ત સુન્ધ્યુને,એવી મુંબઈ પોલીસને ચોપડે નોંધ હશે.

એપ્રિલ ૨૦૦૫માં ચીનના તત્કાલીન વડા પ્રધાન વેન જીઆબાઓ બૅન્ગલોર નગરમાં પધાર્યા હતા ત્યારે ત્યાંની ‘ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ’-ના પરિસરના ૨૦૦ ફૂટ ઊંચા ટાવરના ઝરૂખામાં ઊભા રહી, પતાકા લહેરાવી, તેન્ઝિન સુન્ધ્યુએ ‘વેન જીઆબાઓ, યુ કૅન નૉટ સાયલન્સ અસ’ એવા નારા લગાવ્યા હતા. બૅન્ગલોર પોલીસે પોતાની ફરજ (વેન જીઆબાઓ વતી?)બજાવ્યાની નોંધ ત્યાં ચોપડે હશે.

૨૦૦૬માં જ્યારે તત્કાલીન ચીની પ્રમુખ હુજિન્તાઓ ભારત પધાર્યા હતા ત્યારે તેન્ઝિન સુન્ધ્યુએ ધરમશાલા ગામ છોડીને બહાર ન જવું એવી સત્તાવાર સૂચના અગમચેતી વરતીને ત્યાંની (એટલે કે ધરમશાલાની) પોલીસે એમને, સુન્ધ્યુને, આપી રાખી હતી.

તેન્ઝિન સુન્ધ્યુએ કવિતા લખતાં લખતાં બીજાં ભારે ધ્યાનાકર્ષક કામ કર્યાં છે, એની નોંધ પોલીસચોપડે બૅન્ગલોરમાં અને મુંબઈમાં જ નહીં, અમદાવાદમાં પણ લેવાઈ છે, સાબરમતી આશ્રમમાં તેન્ઝિન સુન્ધ્યુએ ગેરકાયદે એક રાત ગાળી હતી, એ સંદર્ભે.

અવસર ચીનના પ્રમુખ ઝીજિન પિન્ગની ૨૦૧૪ના સપ્ટેમ્બરની ૧૭થી ૧૯ સુધીની અમદાવાદની ઐતિહાસિક મુલાકાતનો હતો. એ દિવસે એઓએ, ચીનના પ્રમુખે સાબરમતી આશ્રમની મુલાકાત લઈને ‘હૃદયકુંજ’માં ભોંયે બેસીને ચરખો પણ કાંત્યો હતો. એ એક જાણીતો ઈતિહાસ હતો. બીજો ઓછો જાણીતો ઈતિહાસ આપણા કવિ સુન્દ્યુ એ જ દિવસે, બલ્કે આગલા દિવસથી, એ જ સાબરમતી આશ્રમમાં રચવાનો યત્ન કરતા હતા. એઓ આગલે દિવસે સાંજે આશ્રમમાં એક મુલાકાતી તરીકે દાખલ થયા હતા, પણ આશ્રમ મુલાકાતીઓ માટે બંધ થાય તે પછી પણ, ગેરકાયદે, અવિનય કાનૂનભંગ કરી, એમણે એ આખી રાત આશ્રમમાં જ ગાળી હતી. જોકે ચીનના પ્રમુખ પધારે એ પહેલાં તિબેટી કવિ પોલીસને હાથે પકડાઈ ગયા હતા. એમની પાસે બૉમ્બ કે પિસ્તોલ કે છરા જેવું કશું ન નીકળ્યું, પણ એથીયે વધારે વાંધાજનક ચીજ એમની પાસે મળી આવી. પત્રકારશ્રી વિપુલ રાજપૂતના ‘ટાઈમ્સ ઑફ ઈન્ડિયા’માં એ સમયે છપાયેલા રિપોર્ટમાં જણાવ્યા મુજબ, એ બુધવારે સવારે એ ‘ટિબેટિયન યુથ’ જે ‘વિધાઉટ ઍની બડી નોટિસિંગ હિમ’ ગાંધી આશ્રમમાં ‘સ્નીક્ડ ઈન’ થયો હતો, અને હેડ ‘સ્ટેઈડ ધેર ઑલ નાઈટ ટુ પ્રોટેસ્ટ વેન ધ વિઝિટિન્ગ ચાઈનીઝ પ્રેસિડન્ટ કે’મ વિઝિટિન્ગ’ (નેચરલી). હી એટલે કે ટિબેટિયન યુથ ‘વૉઝ કૉટ ઑન વેન્સડે મૉર્નિન્ગ’. એની પાસે શું નીકળ્યું? ‘ધ આશ્રમ સોર્સિઝ સેઈડ ધ યુથ હૅડ સ્પેન્ટ ધ ટ્યુઝડે નાઈટ ઈન સાઈડ અહમદાબાદ દર્શન હૉલ ઍન્ડ હૅડ કન્સીલ્ડ અ ટિબેટિયન ફ્લૅગ અન્ડર હિઝ શર્ટ.’ અરે! પછી? ‘પોલીસ વ્હિસ્ક્ડ હિમ અવે.’ – ચાઆલો!

-- તો આ બધી થઈ એ ‘ટિબેટિયન યુથ’-ની, કવિ તેન્ઝિન સુન્દ્યુનાં મૂળિયાંની વાત. એ ભૂગર્ભ રસકસ, કહેવું હોય તો કહો કાદવકીચડ, એ જે હો તેનું, અહીં જેની વાત ક્યારની માંડી છે એ પ્રક્રિયાને અંતે, કાવ્યનિર્માણ રૂપે, શું થયું? અહીં સવાલ એ છે. પણ એ સવાલ પૂછવા માટે આ બધું જાણવું – પામવું જરૂરી માન્યું. મૂળિયાં વડે મેળવેલો, અંધારી ભોંયની અંદરનો મટોડિયો રસકસ એક ઝાડ કઈ રીતે મહેક મહેક થતાં, રંગબેરંગી કોમળ ફૂલોમાં પરિવર્તિત કરતું હશે, એનું મને અપાર અને અનુત્તર અચરજ રહ્યા કર્યું છે. ખબર પડશે તે દિવસથી કવિતા લખવાનું મારાથી નહીં બને.

*

તો, આવતા અંકમાં ‘ધરમશાળામાં વરસાદ’ એ કવિતા જાણવા-માણવાનો યત્ન કરીએ, એ પહેલાં, આ મૂળિયાંથી ટોચની ડાળીનાં ફૂલ સુધીની સફરને સૂચવતી તેન્ઝિન સુન્દ્યુની બે બીજી રચનાઓ વાંચીએ. પહેલી જરા મુખર છે, બીજી રચના જેને ભારતીય કાવ્યશાસ્ત્ર ધ્વનિકાવ્ય કહે, એવી મને લાગી છે. વાચક, આપ એ બંને રચનાઓ વાંચો :

*

***મારું તિબેટીપણું***

*ઓગણસાલીસ વરસોનો આ દેશવટો!*
*છતાં કોઈયે રાષ્ટ્ર અમારી માગના ટેકામાં નથી ઊભું.*

*એક કહેતાં એકે સાલું રાષ્ટ્ર.*
*અમે વિસ્થાપિત શરણાર્થીઓ છીએ અહીં.*
*એક ખોવાઈ ગયેલા દેશના લોકો.*
*એકે રાષ્ટ્રના નાગરિક નહીં.*
*તિબેટન્સ, દુનિયા આખીના દયાપાત્ર.*
*શાંતમુખ સાધુઓ અને ઉછળકૂદ કર્યા કરતા પરંપરાપૂજકો;*
*એક લાખ અમુક હજાર લોકો,*
*સરસ રીતે સેળભેળ,*
*અમને ઓગાળી શકતી અનેક પ્રભુસત્તાઓનાં દ્રાવણોમાં ડબકોળાયેલા.*

*દરેક ચેક-પોસ્ટ પર, દરેક ઑફિસમાં*
*“હું છું એક ઈન્ડિયન-ટિબેટિયન,*
*આ લો મારું રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ.”*
*દર વરસે હું રિન્યુ કરાવી લઉં, એક સલામ સાથે.*
*ભારતમાં જન્મેલો વિદેશી.*
*જોકે હું ‘ઈન્ડિયન’ વધારે લાગું છું, મને;*
*સિવાય કે મારો ચિન્કી તિબેટિયન ચહેરો.*
*‘નેપાળી?’ ‘થાઈ?’ ‘જેપનીઝ?’*
*‘ચાઇનીઝ?’ ‘નાગા?’ ‘મણિપુરી?’*
*ક્યારે યે આ સવાલ નહીં : ‘તિબેટી?’*

*હું તિબેટી છું.*
*પણ હું તિબેટથી આવેલો નથી.*
*ત્યાં તો હું ક્યારે યે ગયો પણ નથી.*

*પણ હું એક સપનું સેવું છું: ત્યાં મરવાનું સપનું.*

‘Tibetanness’. (કાવ્યસંગ્રહ Kroa, ૨૦૦૨માંથી. અનુ. સિ૦)

‘વતનઝુરાપો’ એ શબ્દોની, જરા છરકો વાગે તો લોહી કાઢે એવી ધાર અહીં નીકળી છે, નહીં? ‘ડાયાસ્પોરા’ શબ્દ આપણે સાવ સસ્તો બનાવી દીધો છે. – લક્ષ્મીની લાલચે?

*

અને આ તેન્ઝિન સુન્ડ્યુનું એક ‘ધ્વનિકાવ્ય’:

***મારી એક અંગત જાસૂસી સફર***

*લદાખથી તિબેટ*
*બસ એક નજર નાખો એટલું જ આઘું છે,*

*સાથીઓ કહે છે.*
*ત્યાં પેલી કાળી ટેકરી દેખાય છે ને, ડુમત્સે,*
*એ તિબેટ.*
*...મેં જનમ ધરીને પહેલી વાર દીઠો મારો દેશ,*
*તો આ તિબેટ !*
*પછી એક આછીપાતળી પગદંડી પર ગુપચુપ થોડું ચાલ્યો*
*ને હું જઈ પહોંચ્યો ત્યાં: આ લેકાળી ટેકરી !*
*માટી સૂંઘી જોઈ,*
*જમીન ખોતરી જોઈ,*
*પવનનો અવાજ સાંભળ્યો અને*
*બૂઢાં જંગલી થોડાંક સારસ પંખીઓનો.*
*કોઈ સરહદ રેખા ક્યાંય હતી નહીં.*
*કસમ સે, ત્યાં કાંઈ પણ જુદું હતું જ નહીં.*

*મને ખબર ન પડી*
*કે હું ત્યાં હતો કે અહીં.*
*હું અહીં હતો કે ત્યાં,*
*મને ખબર ન પડી.*

*ઓ પેલાં જંગલી ગધેડાં, ક્યાંગ,*
*પછી સાથીઓએ વાતમાં ને વાતમાં કહ્યું.*
*એ તો દર શિયાળે ત્યાંથી અહીં આવે, ઓ પેલાં ક્યાંગ.*
*વાત વાતમાં સાથીઓએ તો કહ્યું,*
*દર ઉનાળે અહીંથી ત્યાં જાય,*
*. . . પેલાં ક્યાંગ.*

'A PERSONAL RECONNAISSANCE' (કાવ્યસંગ્રહ Kroa, ૨૦૦૨-માંથી. અનુ. સિ૦)

*

આવતે અંકે આ કવિનો કેવળ કાવ્ય-પ્રત્યક્ષ !

❑